## જન્મદિને વધામણી



ભરત દેસાઈ
લાયઝન ઓફિસર
મહાત્મા મંદિર, ગાંધીનગર
મો. ૯૯૦૯૭ ૭૯૫૫૮



રસિકભાઈ ગાંધી
ઉપપ્રમુખ
ગાંધીનગર વૈષ્ણવ સમાજ
મો. ૯૧૭૯૪ ૯૨૨૦૧



આરતીબેન ભટ્ટ
પૂર્વ પ્રમુખ, લાયોનેસ કલબ



દિનાબેન ભટ્ટ
લાયોનેસ કલબ



દિશાબેન જણસારી
લાયોનેસ કલબ



બિપીનભાઈ કે ભાવસાર
મો. ૯૭૨૩૬ ૭૧૦૨૨



ખ્યાતિ ચમરાજ પંડ્યા
મો. ૯૪૨૭૦ ૪૪૮૭૬



ફાલ્ગુનીબેન
દિપેશકુમાર સોલંકી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.
- સંપાદક

### સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ ખાતે

# જિલ્લાકક્ષાના યંગ સાયન્ટીસ્ટ સેન્ટરનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૯

સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સમાં જિલ્લા કક્ષાના એપીજે અબ્દુલકલામ યંગ સાયન્ટીસ્ટ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે.

વિજ્ઞાન પ્રસાર નેટવર્ક ઓફ સાયન્સ કલબ, ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયાની દેખરેખ હેઠળ ચાલતા વિજ્ઞાનના આ યુનિટને વેગ આપી રહેલા ડૉ. ચંદ્રમૌલી જોષીના સમગ્ર આયોજન અને માર્ગદર્શન હેઠળ આ સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. પ્રારંભ પ્રસંગે ઈસરોના વિજ્ઞાની ડૉ. ભરત ચનિયારા, બીએઆરસી વિભાગ અધ્યક્ષ ડૉ. એસ એલ ભોરણીયા અને ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, અમદાવાદના પ્રોફેસર ડૉ. રાજેશ ડી મોઢ ઉપસ્થિત રહ્યા હતા.

ભારત દેશને વિજ્ઞાન ક્ષેત્રમાં





અગ્રીમ દરજ્જો અપાવનાર પૂર્વ રાષ્ટ્રપતિ અને મહાન વિજ્ઞાની ડૉ. એપીજે અબ્દુલકલામે જોયેલા સ્વપ્નને સાકાર કરવાના ઉમદા હેતુસર ચાલતી આ પ્રવૃત્તિના માધ્યમથી વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક સૂઝ-બૂઝ પેદા થાય, તેઓ વૈજ્ઞાનિક ગતિવિધિઓથી પરિચિત થાય, વૈજ્ઞાનિક શોધખોળોમાં પોતાનું યોગદાન આપી પરિવાર, સમાજ, રાષ્ટ્રને હિતકારી થાય તેવા પ્રયત્નો સાથે શાળામાં આ સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે.

પ્રારંભ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. કાર્યક્રમને અંતે અવનવા વૈજ્ઞાનિક પ્રયોગોને વાચા આપતું પ્રયોગ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. સંસ્થાના મેનેજિંગ ડીરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કેમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ જિલ્લાકક્ષાના સાયન્સ સેન્ટર તરીકે શાળાને લાભ મળ્યો તે બદલ સમગ્ર પ્રવૃત્તિનું સંચાલન કરનારા મહાનુભાવો પ્રત્યે આભારની લાગણી પ્રગટ કરી હતી.

### ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે

# એમએસસી-રસાયણમાં પ્રવેશ માટે છેલ્લી તક

ગાંધીનગર, તા. ૯

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ઓનલાઈન અને ઓફલાઈન એડમિશન પ્રક્રિયા બાદ સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરમાં ખાલી રહેતી બેઠકો પર મેરિટના ધોરણે એમએસસી (રસાયણ-શાસ્ત્ર), સેમેસ્ટર-૧ માટે અરજીપત્ર તા. ૧૦ ઓગષ્ટના રોજ સાંજે ૪.૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે. આ અંગેની વધુ વિગતો કોલેજના રસાયણ-શાસ્ત્ર વિભાગના નોટિસ બોર્ડ પર મૂકવામાં આવી છે, એમ કોલેજની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.



શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગર ખાતે ઠાકોરજીના હિંડોળા ઉત્સવ અંતર્ગત પેંડાના ભવ્ય અને કલાત્મક હિંડોળા તૈયાર કરવામાં આવ્યા હતા, જેના દર્શનનો ભાવિકોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

### કે બી ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્માસ્યુટિક એજ્યુકેશન એન્ડ રિસર્ચ, ગાંધીનગર ખાતે

# ૧૬મીથી 'એપોકેલિપ્સ' સ્ટુડન્ટ ઈવેન્ટ

ગાંધીનગર, તા. ૯

કે બી ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્માસ્યુટિક એજ્યુકેશન એન્ડ રિસર્ચ, ગાંધીનગર દ્વારા સતત ૯મા વર્ષે 'એપોકેલિપ્સ' ઈવેન્ટનું આયોજન થઈ રહ્યું છે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન કે બી ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, સેક્ટર-૨૩ એ ગુજરાતની સર્વપ્રથમ એઆઈસીઈટી અને પીસીઆઈ માન્ય સેલ્ફ ફાઈનાન્સ ફાર્મસી કોલેજ છે. જે ૧૯૯૫થી કાર્યરત છે. અહીં બીફાર્મ, ડીફાર્મ, એમફાર્મ, પીએચડી, ફાર્મડી પોસ્ટ બેક્લોરેટના કોર્સમાં ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. અભ્યાસની સાથે સાથે ફાર્મસીના વિકાસ અર્થે તેમજ ફાર્મસી ક્ષેત્રમાં ચાલતી નવીનતમ ગતિવિધિઓ વિશે ચર્ચા કરવા, ફાર્મસીના વિદ્યાર્થીઓને પોતાની પ્રતિભા દર્શાવવા અને પ્રમોટ કરવા તથા એક માધ્યમ પૂરું પાડવાના ઉદ્દેશ્ય સાથે 'એપોકેલિપ્સ' એટલે કે એક નવી શરૂઆત શૈક્ષણિક ઉત્સવ યોજવામાં આવે છે.

આ ઉત્સવમાં ફાર્મા શેફ (ફાર્મા ફ્યુઝન), બ્રેઈન બોક્સ (ક્વીઝ), વોક ઈન પારલેય (ઈન્ટવ્યૂ), ડિબેટ, ફાર્મા એડ, રેડી સેટ કેપ્ચર, પોસ્ટર પ્રેઝન્ટેશન કેસ સ્ટડી, ટ્રેઝર હન્ટ, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન, ફાર્મા સ્ક્રેબલ જેવી કુલ ૧૪ ટેકનીકલ અને નોન ટેકનીકલ ઈવેન્ટ્સ યોજવામાં આવે છે, જેમાં ગુજરાતની ૬૦થી વધુ ફાર્મસી કોલેજના ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લે છે.

આ ઈવેન્ટમાં વિદ્યાર્થીઓ પોતાની જાતે બૌધ્ધિક ક્ષમતાથી બનાવેલ વિવિધ દવા બનાવવાથી માંડીને તેના મૂલ્યાંકન સુધીના મોડલ્સ રજૂ કરે છે. ઈવેન્ટ્સની સાથે સાથે વિદ્યાર્થીઓનું મનોરંજન કરવા માટે કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક પ્રોગ્રામ જેવા કે ડાન્સ, સ્કીટ, ડ્રામા, ગાયકી, મિમિક્રી વગેરેનું આયોજન કરવામાં આવે છે. તેની સાથે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના ભાગરૂપે વિજેતા બનેલા સ્પર્ધકોને ટ્રોફી અને સર્ટિફિકેટ પણ એનાયત કરવામાં આવે છે. આ બે દિવસીય ઈવેન્ટની શરૂઆત ૨૦૦૯થી વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે છે. આગામી તા. ૧૬ અને ૧૭ ઓગષ્ટના રોજ આ ઈવેન્ટ ઈન્સ્ટીટ્યુટ ખાતે યોજાઈ રહી છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે યોજાયો 'માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ' સેમિનાર

ગાંધીનગર, તા. ૯

મનોવિજ્ઞાન વિભાગ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર અને જીવન આસ્થા હેલ્પલાઈનના સંયુક્ત ઉપક્રમે 'માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ' વિષયે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે એસ લિખિયા, નાણાં અને હિસાબી અધિકારી આર જે શાહ, જીવન આસ્થા હેલ્પ લાઈનના પીઆઈ પ્રવીણભાઈ વાલેરા, સિનિયર કાઉન્સેલર ડૉ. સંદીપ સિધ્ધપરા અને કાઉન્સેલર ઉષાબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. શરૂઆતમાં યુનિવર્સિટીના ટ્રેનિંગ વિભાગના આસી. પ્રોફેસર ડૉ. નિલેશભાઈ પંડ્યાએ આવકાર પ્રવચન આપ્યું હતું. પ્રવીણભાઈ વાલેરાએ સુરક્ષા સેતુ અંતર્ગત જીવન આસ્થા હેલ્પલાઈન ચાલે છે તેનો હેતુ અને મહત્ત્વ સમજાવ્યાં હતાં. જીવન આસ્થા હેલ્પલાઈનની કાર્યપ્રણાલી અને ઉપયોગીતા વિશે પણ તેમણે વિસ્તૃત સમજ આપી હતી અને પોતાની માનસિક સ્થિતિને સ્વસ્થ રાખવાની તથા સમાજમાં પ્રત્યેક વિયક્તિનો માનસિક રીતે સ્વસ્થ રહેવા માટે હેલ્પલાઈન નંબરની સૌને જાણ કરી હતી. વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરી કરીને વિષયમાં રસ દાખવ્યો હતો.



આદર્શ નિવાસી કન્યા શાળા, સેક્ટર-૮, ગાંધીનગર દ્વારા પ્રોજેક્ટ ઉડાન અંતર્ગત અદાણી ઔદ્યોગિક એકમોની મુલાકાત લેવામાં આવી હતી.

પ્રોજેક્ટ ઉડાન એ અદાણી ગૃપ દ્વારા દેશના યુવાનોને ધ્યાનમાં રાખીને હાથ ધરાયેલી અભ્યાસ આધારિત પહેલ છે. આ પહેલ અંતર્ગત શાળાની ધોરણ-૧૦, ૧૧ અને ૧૨ની ૭૬ વિદ્યાર્થિનીઓ અને ૪ શિક્ષકોએ અદાણી પોર્ટ, અદાણી પાવર અને અદાણી વિલ્માર એકમની મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ યુવા માનસને પ્રોત્સાહિત કરીને તેમને તમામ પ્રકારનાં એકમોમાં ઋચિ પેદા કરી તેમનાં જીવનનાં મોટાં સપનાં સેવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. અદાણી ફાઉન્ડેશન માને છે કે જ્યારે યુવાન વિદ્યાર્થીઓને તક આપવામાં આવે છે ત્યારે તેમને પોતાની ક્ષમતા સમજવામાં સહાયક બને છે.





સરકારી વિનયન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે રસોઈકળા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અત્યારના સમયની જરૂરિયાત મુજબ વિદ્યાર્થીની બહેનોની સાથે વિદ્યાર્થી ભાઈઓ પણ ભાગ લીધો છે. ઈન્ટરનેશનલ લેવલે તાલીમ આપી ચૂકેલાં રસોઈ નિષ્ણાત કનીનિકા મહેતા દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી રહી છે.

### આજે આત્મા હોલ, અમદાવાદ ખાતે

# પીતાંબર પટેલની સર્જનયાત્રા વિષયે સાહિત્યિક વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૭

૧૦મી ઓગષ્ટ ને શુક્રવારે સાંજે આત્મા હોલ, અશ્રમ રોડ, અમદાવાદ ખાતે ઓમ કમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સાહિત્યકાર પીતાંબર પટેલની જન્મશતાબ્દી નિમિત્તે 'અંતરનાં અજવાળાં' સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યા ભૂમિકા રજૂ કરશે. પીતાંબર પટેલના સુપુત્ર વિક્રમ પટેલ, પીતાંબર પટેલના જીવન વિશે વક્તવ્ય આપશે. જાણીતા વાર્તાકાર રાઘવજી માધડ, પીતાંબર પટેલની વાર્તાઓ વિશે અને નવલકથાઓ વિશે સાહિત્યકાર કેશુભાઈ દેસાઈ વક્તવ્ય આપશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મનીષ પાઠક 'શ્વેત' દ્વારા કરવામાં આવશે.

ભાષાપ્રેમી અને સાહિત્ય રસિક જનતા માટે આ કાર્યક્રમ માણવા માટે કોઈ ફી રાખવામાં આવી નથી. સાહિત્યકાર પીતાંબર પટેલની સર્જનયાત્રાને માણવા સૌને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# કેદ છું મારા જ પ્રતિબિંબ મહીં, આયનો તોડીને આવું કઈ રીતે

ગાંધીનગર, તા. ૭

'કેદ છું મારા જ પ્રતિબિંબ મહીં, આયનો તોડીને આવું કઈ રીતે ?' સિનિયર અભિનેતા અને દિગ્દર્શક પ્રો. નરેશ ફિટરે શાયરાના અંદાઝમાં વક્તવ્યની શરૂઆત કરી અને હોલ તાળીઓથી ભરાઈ ગયો અને શ્રોતાઓનું ધ્યાન એમના પર કેન્દ્રિત થઈ ગયું.

શ્રી પીકે ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજ અને સંસ્કૃતિ સંસ્થાના ઉપક્રમે કોલેજ ખાતે આયોજિત નાટ્ય તાલીમ શિબિરના ચોથા દિવસે 'નાટકના સારા કલાકાર બનવા શું કરશો?' વિષયે બોલતાં નરેશ ફિટરે જણાવ્યું હતું કે ફિલ્મ એ દિગ્દર્શકનું માધ્યમ છે, પરંતુ નાટક એ અભિનેતાનું માધ્યમ છે.' તેમણે અસરકારક અભિનય માટે આંગિકમ અને વાચિકમની વિગતે સમજૂતી તાલીમાર્થી



વિદ્યાર્થિનીઓને આપી હતી, એ માટે સજ્જ થવાની તરકીબો શીખવાડી હતી અને તેમના દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ પાઠવ્યા હતા. એટલું જ નહીં, પરંતુ વક્તવ્ય બાદ પ્રાયોગિક સેશનમાં પણ તેઓ તાલીમાર્થી વિદ્યાર્થિનીઓ સાથે રહ્યા હતા અને તેમને નાટકની ભજવણી અંગે પ્રત્યક્ષ માર્ગદર્શન આપ્યું હતું.

શિબિરના ત્રીજા દિવસના પ્રારંભે સ્વાગત પ્રવચન કોલેજનાં અધ્યાપક ડૉ. લિના સ્વાદિયા દ્વારા અને શિબિર સંચાલન સંસ્કૃતિ સંસ્થાના મંત્રી મનોજ શુક્લ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રાયોગિક નાટક સેશનનું સંચાલન કુંતલ નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું. શિબિરના પાંચમા અને છેલ્લા દિવસો શુક્રવારે હિના ઉપાધ્યાય દ્વારા 'પાત્રમાં પરકાયા પ્રવેશ કેવી રીતે કરશો?' વિષયે વક્તવ્ય અને નિદર્શન આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

# ચોવીસ લાખ નોકરીઓની ભરતી કેમ બંધ રહી છે ?





સમાજની સુખાકારીનો મોટો આધાર અર્થઉપાર્જનના સ્તર સાથે જોડાયેલો હોય છે. આવક નથી તો જિંદગી નર્ક છે. પછાત, મધ્યમ અને ગરીબ વર્ગ માટે નાણું એ જ જિંદગીનું મૂંઝવતું કારણ બની ગયું છે. સંતાનોને ભણાવી-ગણાવીને અંત પામવાનું શું હોય? મોટા ભાગે નોકરી ! નોકરી મળી જાય તો પરિવારમાં ખુશી છવાઈ જાય છે. સરકારના મંત્રીઓએ આપેલા આંકડા મુજબ કેન્દ્ર અને રાજ્યોમાં કુલ મળીને અંદાજે ૨૪ લાખ નોકરીઓ ખાલી પડી છે, એમાં સૌથી બધું શિક્ષણ ક્ષેત્રમાં ૧૦ લાખ વેકેન્સી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી વખતે દેશમાં દર વર્ષે એક કરોડ નવા રોજગાર ઊભા કરવાનું વચન પણ આપ્યું હતું. સ્થિતિ વધુ ને વધુ અજંપાવાળી ઊભી થતી જ જાય છે. આજે કોઈપણ બેન્ક કે સરકારી કચેરીમાં જાઓ તો પ્રથમ કકળાટ એ કે સ્ટાફ ઘટે છે. બેન્કોમાં આઈટીના પગલે નોકરીઓ ઘટી ગઈ છે તો સરકારી જોબમાં નવી ભરતીનો અવકાશ હોવા છતાં ભરતી થઈ રહી નથી. અનામત આંદોલનો ઉપર વાત કરતાં કરતાં નીતિન ગડકરીજીએ એવું સહજ રીતે વ્યક્ત કરી દીધું કે નોકરીઓ જ નથી પછી અનાત મેળવીને શું કરશો ? નોકરીઓ તો ભરતી કરવા ચાહે તો પુષ્કળ છે. શિક્ષણ, હેલ્થ, આંતરિક સુરક્ષા, આર્મી, કાનૂનનાં ક્ષેત્રમાં, આંગણવાડીઓ વગેરેમાં લાખોની સંખ્યા એટલે કે વેકેન્સી છે પરંતુ આ જગ્યાઓ શા માટે ભરવામાં આવતી નથી એ મોટો પ્રશ્ન છે.





દેશની પ્રજા મોંઘવારી, ભાવવૃધ્ધિથી પેટનો ખાડો પૂરવા માટે અપરાધના રસ્તે જવા મજબૂર થાય તો બીજી તરફ આર્થિક સમૃદ્ધિનો અર્થ શો હોઈ શકે ! સરકારને વાસ્તવિક રીતે દેશના ટોચના દસ-બાર ઉદ્યોગપતિઓ અવશ્ય મદદકર્તા બની શકે વાતમાં બધા સંમત છે પણ ગરીબો, મધ્યમ વર્ગ તથા પછાતો માટે સારું શિક્ષણ જો જોબ ના અપાવે તો શું ?

દેશનો પછાત અને મધ્યમ વર્ગ બહુ મોટો છે. જે લોકો શિક્ષણ લોન લઈ લઈને પોતાના સંતાનોને ભણાવે છે અને અંતે તેઓના પરિવારો પાયમાલ થઈ જાય છે કારણ કે નોકરી ક્યાંક મળતી નથી. જગ્યાઓ પૂરવામાં આર્થિક બોજ પડવાની ભીતિ સરકારને કદાચ હોઈ શકે છે તો આ માટે હાથ સંકોરીને બેસી રહેવાનું હવે યોગ્ય જણાતું નથી. ટેક્સ પેયર્સની સંખ્યા વધતી જાય છે એ સરકારી ગણતરી સાચી પડતાં આનંદે છે તો બીજી તરફ નક્કર આવકમાં વૃધ્ધિ થતી નથી તેનું શું ? જો નોકરીઓ ના મળે તો પરિણામ દેશ માટે ઘાતક સાબિત થાય કેમ કે પેટની આગ ખતરનાક હોય છે. જેનામાં વિવેકબુદ્ધિ સ્વાહા થઈ જાય છે. આજે માણસ બચત તો કરી જ શકતો નથી અને કરે તો નાણાં પર વ્યાજનું રિટર્ન નામશેષ થઈ રહ્યું છે. બેન્કમાં બચત રાખે તો જ્યાં હજાર નિયમો ડિજીટલી તેને નીચોવી જ લે છે. વ્યાજની આવકમાંથી ટેક્સ કપાઈ જાય છે. નીતિ-નિયમોને કોઈની શરમ નડતી નથી કેમ કે તે હવે ડિજીટલી વર્ક કરે છે. અનામત આંદોલન પાછળ અંતે શું હોય છે તેનું થોડું વિશ્લેષણ તો કરો ! આર્થિક બાબતે લાખો પરિવારો ધકેલપંચા દોઢસોનો જ હિસાબ રાખી ગાડું ગબડાવે છે. માર્કેટ શેર અને પરફોર્મન્સની ચિંતા કરતી કોર્પોરેટ કંપનીઓએ સમજી લેવું જોઈએ કે ભારતના લોકો પાસે ખરીદશક્તિ રહી જ નથી અને બહુધા કુટુંબો લોનથી ચાલી રહ્યા છે અને એટલા માટે જ હવે તો હાઉસિંગ અને શિક્ષણલોન ખાતાં પણ એનપીએ થઈ રહ્યાં છે. નોકરીઓની ખાલી જગ્યા ભરાતી નથી એટલે લોકોનાં કામ સમયે થતાં જ નથી, જેના કારણે ભ્રષ્ટાચારની ગતિ રોકી શકાતી નથી એ કડવું સત્ય છે. ડિજીટલ વર્ક કલ્ચરથી આમ જનતાને સુખ મળતું જ નથી પણ દુખ ઊભું થઈ રહ્યું છે. થોડું વિચારવા જેવું છે.

નોકરીઓ એ કાંઈ મતો એકઠા કરવાનું માધ્યમ નથી. રોજગારી સર્જન કરવું અને જરૂરિયાત મુજબની ખાલી જગ્યાઓ માટે ભરતી કરવી એ બંનેમાં ભેદ છે એ સરકારે સમજવું પડશે. મશિન્સ વધતા જાય તેમ તેમ મેનપાવર નકામો બની જાય તે સ્થિતિ ઉપર પણ કંટ્રોલ કરવો જરહ્યો કારણ કે આપણા દેશમાં માનવ જનસંખ્યા સતત વધતી જાય છે. નોકરીઓની પધ્ધતિમાં પણ સુધારણા આવશ્યક છે. નિયમિત પગાર મળે એ કામ નોકરી કહેવાય છે. તેમાં ભરતી સમયે કોઈ કોર્ટમાં જાય તો પૂરી ભરતી અટકી જાય એ વ્યાજબી નથી. દા.ત. મરાઠા અનામત આંદોલન હિંસક થયું તો રાજ્ય સરકારે ૭૨ હજાર નવી ભરતી પર હાલ રોક લગાવી દીધી છે ! મૂઠ્ઠીભર ઉદ્યોગપતિઓ એકાવન ટકા સંપતિ ધરાવે તો બીજી તરફ કરોડો ગરીબો બે ટંકના ખાવાનાં ખ્વાબ પૂરાં કરવામાં જ દુખી થાય ત્યારે આપણે આંખો તથા મગજ બંધ કરીને જીવવું કઈ રીતે ઉચિત ગણાય ? અપેક્ષા રાખીએ કે સરકાર હવે આ દિશામાં વિચારશે.

**શેર આસ્વાદ**

કોઈને પૂરતો કોઈને અલ્પ મળી ગયો
નક્કિ જગતને આપણો વિકલ્પ મળી ગયો